**અમદાવાદ (ગ્રામ્ય) ના આઠમાં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં.૮૧૨/૨૦૧૮
આંક:-.........................

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : (૧)મહંમદ અખ્તર ઉર્ફે કાલીયા
રહે. ૧૩૦ એ ફઝલે રહેમાની સોસાયટી વિભાગ-૧ જુહાપુરા અમદાવાદ.
(૨) મોહમદ યાસીન ઉર્ફે કાલીયા ઈમદાદઅલી શેખ
રહે. ૨, તબસ્સુમ ડુપ્લેક્ષ ફતેવાડી અમદાવાદ.

**ગુનો : પશુપ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી ઈ એફ**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ પશુપ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી ઈ એફ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી બાદમાં આંક થી તહોમતનામું તથા આંક- આરોપીઓની પ્લી લીધેલ છે. જેમાં આરોપીએ ગુનાનો અસ્વીકાર કરેલ છે.પરંતુ આજ રોજ તેઓએ આંક-....... કબુલાત પુરસીસ આપેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુકમ::-**

સદર કામના આરોપીઓને પશુપ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી ઈ એફમાટે તકશીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીઓને રૂા.૫૦/-પુરા (અંકે રૂપિયા પચાસ પુરા) એટલે કે બંને આરોપીઓના કુલ ૧૦૦ રૂ. (અંકે રૂ. સો પુરા) દંડ અને જો દંડ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૪ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:૧૪/૧૨/૨૦૧૯
અમદાવાદ (ગ્રામ્ય)

(પૃથુ શર્મા)
આઠમાં એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર